WE SERVE TO SAVE

# રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી

બ્લોક નં.૧૩, ત્રીજે માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ઈ-મેલ: dir.sfps@gmail.com, ટેલિફોન નં.૦૭૯-૨૩૨-૫૭૦૨૨/૨૩/૪૦.

**ક્રમાંક: સફસ/ફન-૧૭/300/૨૦૨૦** **તા.13/૧૦/૨૦૨૦**

વંચાણે લીધા:- (1) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/L1-153 OF 2020- AGN/10/2020/422/L.1, Date:03/10/2020.

(2) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/L1-154 OF 2020- AGN/10/2020/422/L.1, Date:03/10/2020.

(3) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/L1-155 OF 2020- AGN/10/2020/422/L.1, Date:03/10/2020.

(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંક:અગન/૧૦/૨૦૨૦/૪૨૨/લ-૧, તા.૦૩/૧૦/૨૦૨૦.

## <u>પ્રસ્તાવના:-</u>

ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ,૨૦૧૩માં રાજ્ય કક્ષાને નિયામકને વિવિધ સત્તાઓ, કાર્યો અને ફરજો અંગે જોગવાઇ થયેલ છે. સરકારશ્રીના સંદર્ભ-૧ થી ૩ના જાહેરનમાથી રાજ્યની આઠ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, ગાંધીનગર અને જુનાગઢ અધિનિયમની કલમ ૧(૩)થી ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ,૨૦૧૩ની જોગવાઇઓ લાગુ પાડેલ છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કાયદાની અમલવારી કરવાની થાય તેવા સંજોગોમાં ઉક્ત જોગવાઇઓ મુજબ કામ કરવા તેમજ કાયદાનું અસરકારક અમલીકરણ કરવામાં વિલંબ નિવારવા માટે તથા સરળતા ઉભી કરવા નિયામકની સત્તાઓ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો માટે સંબંધિત મ્યુનિસિપલ કોર્પોરેશનના મુખ્ય અગ્નિશમન અધિકારી (ચીફ ફાયરઓફિસર)ને સોંપવામાં આવે તો કાયદાનુ સરળતાથી અમલીકરણ થાય. ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ,૨૦૧૩ની કલમ-૫૨(૨)થી થયેલ જોગવાઇ મુજબ નિયામક, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, રાજ્ય સરકારની પૂર્વ મંજુરીથી આ અધિનિયમ હેઠળની સત્તાઓ પ્રાદેશિક આગશમન અધિકારીને સોંપી શકાશે. જે વિગતે સંદર્ભ-૪ના સરકારશ્રીના હુકમથી મળેલ મંજુરી અનુસાર કાળજીપૂર્વક વિચારણાને અંતે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ:-.

ઉક્ત વંચાણે લીધેલ જાહેરનામાંથી અધિનિયમની કલમ-૭માં નિયામકની સત્તો, ફરજો તથા કાર્યો નિયત થયેલ છે. તે પૈકી કલમ-૭(૧)(૫), ૭(૧)(૮), ૭(૧)(૯), ૭(૧)(૧૦), ૭(૧)(૧૧), ૭(૧)(૧૨), ૭(૨), ૭(૭), ૭(૮), ૭(૯)થી નિયત થયેલ કાર્યો, સત્તા તથા ફરજો અને કલમ ૨૮ તથા કલમ-૫૩ની સત્તાઓ સંબંધીત મહાનગરપાલિકા વિસ્તાર માટે તે મહાનગરપાલિકા વિસ્તારના સંબંધિત પ્રાદેશિક ફાયર અધિકારીને સુપ્રત કરવામાં આવે છે.

નિયામક
રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,

(૧) મ્યુનિસિપલ કમિશનર સાહેબશ્રી,
અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત/ભાવનગર/જામનગર/જુનાગઢ/ગાંધીનગર મહાનગરપાલિકા.

(૨) ચીફ ફાયર ઓફિસરશ્રી,
ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ,
અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત/ભાવનગર/જામનગર/જુનાગઢ/ગાંધીનગર મહાનગરપાલિકા.

નકલ સવિનય રવાના:

- નાયબ સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,નવા સચિવાલય, ગાંધીનગર તરફે જાણ સારૂ.